R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 22•ISSUE: 26 DATE: 30-06-2018•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

## ભારતીય રિઝર્વ બેન્કના રીપોર્ટ મુજબ ૨૦૧૭માં બેન્કોમાં રુ.૩૦,૦૦૦કરોડના ૬૫૦૦ કૌભાંડ થયા હતાઃ એનપીએના કારણે બેન્કોની હાલત કથળી

ભારતીય રિઝર્વ બેન્ક દ્વારા જારી કરાયેલા ફાઈનાન્સીયલ સ્ટેબીલીટી રિપોર્ટમાં સરકારી બેન્કોની નબળી સ્થિતિ અંગે ચેતવણી જારી કરાઇ છે.રિઝર્વ બેન્કે ચેતવણી આપી છે કે બેન્કીંગ સિસ્ટમમાં બેડ લોનનો રેશીયો બે દાયકાની સૌથી ઉંચી સપાટી પર પહોચી શકે છે.પ્રોમ્ટ કરેક્ટિવ એકશન અંતગર્ત મુકાઇ છે તેવી બેન્કોને સૌથી વધુ અસર થવાની છે.બેન્કોની બેડ લોન વધવાની સાથે તાકિદની સ્થિતિ માટે અલગ રખાતા નાંણા ભારતીય બેન્કોની કેપીટલ પોઝીશન વરવી બનાવશે.ઓછામાં ઓછી ૬ સરકારી બેન્કો મુડીની તીવ્ર અછતનો સામનો કરી રહી છે.

બ્લુમબર્ગના જણાવ્યા અનુસાર હાલની આર્થિક સ્થિતિમાં શિડ્યુલ્ડ કોમર્શીયલ બેન્કોની ગ્રોસ નોન પર્ફોમીંગ એસેટ્સ માર્ચ ૨૦૧૯ સુધીમાં વર્ષ ૨૦૦૦થી અત્યાર સુધીની સૌથી ઉંચી સપાટી ૧૨.૨ ટકા પર પહોચી જશે.માર્ચ ૨૦૧૮માં જીએનપીએ ૧૧.૬ ટકા પર હતો.જો અર્થતંત્રની સ્થિતિ વણસશે તો બેન્કોની એનપીએ ગંભીર બની જશે. જે બેન્કો અત્યારે રિઝર્વ બેન્કના પીસીએ ફ્રેમવર્ક અંતગર્ત કામ કરી રહી છે તેમનો જીએનપીએ ૨૨.૩ ટકા પર પહોચવાની સંભાવના છે. અગાઉ આ આંકડો ૨૧ ટકા પર હતો.

જો કે રિપોર્ટમાં આશા વ્યક્ત કરાઇ છે કે સરકાર દ્વારા જાહેર કરાયેલ બેન્કોને સહાય કરવાની યોજના બેન્કોની મુડીની અછત નિવારશે. જે બેન્કોની સારી કામગરી છે તેમના માટે આ યોજના ઉદીપકની ગરજ સારશે. જ્યારે પીસીએ ફ્રેમવર્ક નબળી બેન્કોને મદદરુપ બનશે. આ રીતે બેન્કીંગ સેકટરની ખસ્તાહાલ સુધારવામાં મદદ મળશે. રિઝર્વ બેન્કનું પીસીએ ફ્રેમવર્ક બેન્કોની મુડી ધોવાઇ જતી અટકાવશે.વહીવટી સુધારા બેન્કીંગ સેકટરમાં રહેલા જોખમો ઘટાડશે.અત્રે ઉલ્લેખનીય છે કે રિઝર્વ બેન્ક પહેલા જ બેન્કોને પોતાની એકાઉન્ટ બુક સુધારવાની ચેતવણી આપી ચુકી છ.તમામા કોમર્શીયલ બેન્કો ના નફામાં ઘટાડો થયો છે.૨૦૧૭-૧૮માં જમા વૃધ્ધિ ઓછી રહેવા છતાં બેન્કો દ્વારા લોન આપવાના દરમાં વધારો જોવા મળ્યો છે.

જે બેન્કોની વધુ એનપીએના પગલા હાલત કથળી છે તે નીચે મુજબ છે. આઈડીબીઆઇ બેન્ક.૨.યુકો બેન્ક.૩.સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડીયા ૪.બેન્ક ઓફ ઈન્ડીયાય ૫.દેના બેન્ક. ૬.ઓરીયેન્ટલ બેન્ક ઓફ કોમર્સ ૭.બેન્ક ઓફ મહારાષ્ટ્ર.૮.યુનાઈટેડ બેન્ક ઓફ ઈન્ડીયા ૯.કોર્પોરેસન બેન્ક.૧૦.અલ્હાબાદ બેન્ક.

## સ્વીસ બેન્કોમાં તમામ રકમ બ્લેકમી કે બેનામી નથી : નાણાં પ્રધાન

સ્વીસ બેન્કોમાં ભારતીયો દ્વારા જમા રકમ ૫૦ ટકાથી વધીને રુ. ૭૦૦૦કરોડની સપાટી વટાવતાં મોદી સરકાર ફસાઈ ગઇ છે.કાળા નાણાં પરત લાવવાના મુદ્દે સરકારના વાયદાઓ ઉપર કોગ્રેસ તેમજ ભાજપના સુબ્રમણ્યમ સ્વામીએ સવાલો ઉઠાવ્યા છે.ત્યારે નાણાંપ્રધાન પિયુષ ગોયલે સ્પષ્ટતા કરતા કહ્યુ હતું કે સરકાર પાસે તમામ વિગતો છે.સ્વિસ બેન્કોમાં જે લોકોના પૈસા બ્લેક મની સ્વરુપે જમા હશે તેવા તમામ લોકો સામે સરકાર દ્વારા કડક પગલાં લેવાશે.

તેમણે કહ્યુ હતું કે સ્વીસ બેન્કોમાં કાળા નાંણા બાબતે બહુ કાળારોળ મચાવાયી હતી.જે લોકો ખોટુ કરતાં જણાશે તેમની સામે આકરાં પગલાં લેવામાં આવશે.સરકારના કડક પગલાંને કારણે આજે કોઈ પણ વ્યક્તિ વિદેશમાં પૈસા જમા કરાવી શકે તેવી હિંમત ધરાવતી નથી.પરંતુ ભારતીયો દ્વારા સ્વીસ બેન્કોમાં રકમ વધુ જમા થઈ છે તે બાબતે તેઓ મૌન સેવ્યુ હતું.કોગ્રેસ આ બાબતે સરકારની ઉગ્ર ટીકા કરી હતી.

## ભારતે ઇરાન પાસેથી ક્રુડ ઓઇલ નહી ખરીદવાની અને આયાત બંધ કરવાની ભારતને સુચના આપી : અમેરીકાએ ઇરાન પર લાદેલા આર્થિક પ્રતિબંધો પૈકીનું એક પગલું ટ્રમ્પે ભર્યુ

અમેરિકાએ ભારતને ૪ નવેમ્બરથી ઈરાનમાંથી ક્રુડની આયાત બંદ કરી દેવા ધમકી આપી છે.ઈરાન સાથેની પરમાણું સંધિ રદ કરી દીધા પછી અમેરીકાએ ઈરાન ૫ ર આર્થિક પ્રતિબંધો લાદી દીધા છે. તેના અનુસંધાનમાં અમેરિકાએ ભારત,ચીન સહિતના વિશ્વના તમામ દેશોને ઈરાનમાંથી ક્રુડ આયાત નવેમ્બર મહિનાથી બંધ કરવાની ચેતવણી આપી છે.અમેરિકી વિદેશ વિભાગના અધિકારીએ જણાવ્યુ હતું કે આ પ્રતિબંધોમાંથી ભારત અથવા તેની કંપનીઓને મુક્તિ અપાશે નહીં.જો ઈરાનમાંથી ક્રુડની આયાત કરાશે તો અન્ય દેશોની જેમ ભારત અને ચીનની કંપનીઓ પર પણ પ્રતિબંધો લાદી દેવાશે.આ દેશોએ હવે ઈરાનમાંથી ક્રુડની આયાત ઘટાડવાનું શરુ કરી દેવું જોઈએ.૪ નવેમ્બરના રોજ તેમની આયાત શુન્ય પર પહોચી જવી જોઈએ.અમે બધા દેશોને દ્રિપક્ષીય મુલાકાતોમાં આ સુચના આપી રહ્યા છીએ.અમેરિકા ઈરાનને મળતા ભંડોળને અટકાવવા પ્રયાસ કરી રહ્યો છે.અમેરીકી વિદેશ વિભાગે જણાવ્યુ હતું કે નવા પ્રતિબંધો અંતગર્ત કોઈને કોઈ છુટછાટ અપાશે નહીં.ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સાથેની પરમાણું સંધિ મે ૨૦૧૮માં તોડી નાંખી હતી.અમેરિકાના ઈરાન પરના કેટલાંક આર્થિક પ્રતિબંધ ૬ ઓગષ્ટથી લાગુ થઈ રહ્યા છે. જ્યારે ઓઇલ સેકટરને અસર કરતાં પ્રતિબંધ ૪થી નવેમ્બરથી લાગુ થશે.

ભારતે ક્રુડ માટે અન્ય અખાતી દેશો અને અમેરિકા પર નિર્ભર રહેવું પડશે.ભારતીય કંપનીઓને નુકશાન થશે.અમેરિકાની ચેતવણીના પગલે ઈરાન પર આર્થિક પ્રતિબંધો લાગુ થયા પછી ભારતે અન્ય અખાતી દેશો અને અમેરિકા પર ક્રુડ માટે નિર્ભર રહેવું પડશે.તાજેતરમાં ભારતે અમેરિકાથી ક્રુડની આયાતનો પ્રારંભ કર્યો છે.જો ભારત અમેરીકી પ્રતિબંધની અવગણના કરશે તો તેના પર અમેરિકી પ્રતિબંધો લદાઈ શકે છે.જેની ભારતના આંતરરાષ્ટ્રીય વેપાર પર વિપરીત અસરો પડી શકે છે.ભારત અને અમેરીકા વચ્ચે ટ્રેડ વોર શરુ થયું છે.અમેરીકી પ્રતિબંધોની અવગણના ભારતીય કંપનીઓ પર અવળી અસર કરી શકે છે.અમેરિકા દ્વારા પ્રતિબંધોની સાથે સાથે વધુ આર્થિક પગલાં ભારતને નુકશાન કરી શકે છે.

ભારત સૌથી વધુ કડ ઓઈલની આયાત ઈરાક અને સાઉદી અરબમાંથી કરે છે.ઈરાન ભારતનો ત્રીજો સૌથી મોટો ઓઈલ સપ્લાયર છે.એપ્રિલ ૨૦૧૭થી જાન્યુઆરી ૨૦૧૮ વચ્ચેના ૧૦ મહિનામાં ભારતે ઈરાનમાંથી ૧૮.૪ મીલીયન ટન ક્રુડ ઓઈલની આયાત કરી હતી.

અમેરિકી પ્રમુખની ઈરાન પર ક્રુડ ઓઈલ બાબતે આપેલી ચેતવણીના પગલે ક્રુડ ઓઈલના આંતરરાષ્ટ્રીય ભાવોમાં ઉછાળો આવ્યો છે.બ્રેન્ટ ક્રુડમાં બેરલ દીઠ ૧૧૫ ડોલરનો વધારો થતાં ૭૭.૨૯ ડોલર પર પહોચ્યું છે.યુએસ માર્સ ક્રુડના ભાવમાં બેરલ દીઠ ૨.૪૫ ડોલરનો ઉછાળો આવ્યો હતો.ઓપેકના ક્રુડના ભાવો ૭૨.૬૯ ડોલર પ્રતિ બેરલ પર પહોચ્યા હતા.અમેરિકા અને ભારત વચ્ચે ટ્રેડ વોરના પગલે રુપીયો ડોલર સામે ૧૯ મહીનાની નીચી સપાટી પર પહોચી ગયો હતો.આયાતકારોની ડોલરની ઉંચી માંગના કારણે રુપીયામાં સતત ધોવાણ થઈ રહ્યું છે.છેલ્લ અહેવાલો મુજબ રુપીયો ૬૮.૬૧ની સપાટી પર બંધ આવ્યો હતો.દેશનું આર્થિક માળખું રુપીયાનું ધોવાણ થતાં ખોરવાઈ જવાની દહેશત અને અચ્છે દિનના સપના રોળાઈ જશે.

## ૧૦ શહેરોમાં પોસ્ટ ઓફીસમાં પાસપોર્ટની અરજી લેવાશે

જે પ્રકારે નવા પાસપોર્ટ કઢાવવા રિન્યુ કરાવવા માટે મોટી સંખ્યામાં અરજીઓ આવે છે તેનો નિકાલ કરવા ઝડપથી થઈ શકે તે હેતુથી હવે રાજ્યમાં દસ જગાએ પોસ્ટ ઓફીસમાં પાસપોર્ટ સેવા કેન્દ્રો શરુ કરવામાં આવ્યા છે. જેના કારણે લોકોને અમદદાવાદ સુધી ધક્કા નહીં ખાવા પડે.વેકેશનમાં શનિવાર અને રવિવારના રોજ પણ પાસપોર્ટ માટે એપોઈમેન્ટ આપીને કચેરીઓ ચાલુ રાખવામાં આવી હતી.અમદાવાદની રિજીનલ પાસપોર્ટ ઓફિસમાં રોજની ૩૮૦૦ અરજીઓ પાસપોર્ટ મેળવવા માટે આવી રહી છે. જે પૈકી મહિનામાં બે હજાર જેટલા પાસપોર્ટ ઈશ્યુ કરવામાં આવે છે.જાન્યુઆરીથી અત્યાર સુધીમાં ૬ લાખ જેટલા પાસપોર્ટ ઈશ્યુ કરવામાં આવ્યા છે.ડોક્યુમેન્ટ સબમીટ કરવામાં ભુલો થઈ હોવાના કેસમાં અરજદારને મેલ કરીને ડોક્યુમેન્ટ આપી જવા જણાવી દેવામાં આવે છે.ત્યાર બાદ તુરત પાસપોર્ટ ઈશ્યુ કરી દેવામાં આવે છે. અમદાવાદ રીજીનલ પાસપોર્ટ કચેરી સાથે સંકળાયેલા બે પીએસકે સેન્ટરો છે જે પૈકી એક મીઠાખળી અને વિજય ચાર રસ્તા નજીક આવેલા છે. અમદાવાદ સિવાય મહેસાણા,પાલનપુર,દાહોદ,આણંદ, ખેડા, ભરુચ,વેરાવળ,જુનાગઢ,પોરબંદર પોસ્ટ ઓફીસની અંદર પાસપોર્ટ સેવા કેન્દ્ર આવેલા છે.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

પત્રકારોની જીંદગી તલવારની ધાર પર ચાલવા જેવી હોય છે.પત્રકારનું કામ સત્યને ઉજાગર કરવાનું હોય છે.પરંતુ સત્ય જ્યારે પબ્લીક સમક્ષ ખુલી જતું હોય છ ત્યારે ઘણાબધાની પોલ ખુલી જતી હોય છે. શાસ્ત્રોમાં કહેવાયું છે કે સત્ય બ્રુયાત,પ્રિયમ,બ્રુયાત,એટલે કે સાચુ બોલો પણ પ્રિય લાગે તેવું બોલો. હકીકતમાં આ શક્ય નથી.સાચી વાત સામાવાળાને કડવી લાગે છે.જ્યારે તમે પત્રકારના વ્યવસાયમાં હો ત્યારે અને તમે નીડર અને પ્રમાણિક પત્રકાર હો ત્યારે તમારા દુશ્મનોની સંખ્યામા ંદરરોજ વધારો થતો જાય છે. આ નીડર અને પ્રમાણિક પત્રકારને ડિસ્ટર્બ કરવા માટે તેની પાછળ ગુંડાઓ,,પોલીસ, સરકાર,અધિકારીઓ સહિત આખી સિસ્ટમ કામે લાગી જતી હોય છે.જો આ પત્રકાર તેમ છતાં પણ ચુપ ના રહે તો તેને કાયમ માટે ચુપ કરી દેવાતો હોય છે.પત્રકારત્વના વ્યવસાય સાથે જોડાયેલા આ પ્રોફશનલ્સ હેઝાર્ડ છે. પત્રકારો સામે કાયમ બે વિકલ્પો હોય છે.એક તમે તમારા કામ સાથે બાંધછોડ કરો, સિસ્ટમમાં સામેલ થઈ જાવ અને તમારી જીંદગી એશોઆરામ અને મોજશોખથી પુરી કરો.બીજા વિકલ્પમાં તમે તમારા પત્રકારિત્વના સિધ્ધાંતોને ઝનુનપુર્વક વળગી રહો અને તમારી જીંદગીને કાયમ મુશ્કેલીમાં મુકી દો.

મુંબઈના પત્રકાર જ્યોતિમર્ય ડે જેને લોકો પ્રેમથી જેડે તરીકે બોલાવતા હતા.તેણે પત્રકાર તરીકે બીજો વિકલ્પ પસંદ કર્યો હતો. મુંબઈની પત્રકાર આલમમાં જેડેનું નામ આદરથી લેવાતું હતું.જેડેએ પોતાની કેરીયર હિન્દુસ્તાન ટાઈમ્પના વાઈલ્ડલાઈફના સબ્જેકટ પર સ્ટોરી આપવાથી શરુ કરી હતી.મુંબઈના બોરીવલી નેશનલ પાર્કમાં જે દબાણો ઉભા થતાં હતાં અને તેને કારણે નેશનલ પાર્કના પ્રાણીઓને જે તકલીફો થતી હતી તે અંગે વિગતવાર અહેવાલો પ્રસિધ્ધ કર્યા હતા.ખુદ સરકારના જુદા જૂદા વિભાગોએ પણ નેશનળ પાર્ક માટે રિઝર્વ કરેલી જગાઓમાં દબાઓ કર્યો હતા.જેડેના આ અહેવાલોથી મુંબઈ વિધાનસભામાં ભારે હંગામો થયો.

જે ડેએ પોતાની જર્નાલીસ્ટ કેરીયરમાં આફટરનુન ડિસ્પેચ,ઈન્ડીયન એક્સપ્રેસ,મીડ ડે જેવા અખબારોમાં કામ કર્યુ હતું. પરંતુ જેડેની કામગીરી મીડ ડેમાં ચર્ચાઈ હતી. મુંબઈના આ ટેબ્લોઈડમાં જે સ્ટોરી આવતી તે કાબિલેદાદ હતી. જેડે અધારી આલમની રગેરગથી વાકેફ હતો.જેડે બોમ્બે ક્રાઈમ અંગે બે બુક લખી હતી. ઝીરો ડાયલ ધ ડેન્જરસ વર્લ્ડ ઓફઈન્ફોમર્સ અને ખલ્લાસ જેમાં અંડરવર્લ્ડ ઓપરેશન અંગેની માહીતી હતી. જેડે મુંબઈના બે ટોપમોસ્ટ ગેગ લીડર દાઉદ અને છોટા રાજન પર ઘણીબધી સ્ટોરી કરી હતી.

જે ડેએ મુંબઈમાં ફાલેલા ઓઈલ માફીયા કૌભાંડ અંગે એક બહુ મોટી સ્ટોરી લખી હતી. ઓઈલ માફીયાઓનું આ કૌભાંડ ૧૦હજાર કરોડનું હતું અને તેમાં મોટા માથા સંડોવાયેલા હતા.આવાં તો કેટલાક કૌભાંડોની સ્ટોી જેડેની બાયલાઈનથી મુંબઈના અખબારોમાં છપાતી રહી અને જેડેએ કેટલાય ગેંગસ્ટરોને ખુલ્લા પાડ્યા હતા.

જે ડેની હત્યાની તપાસ કરવાનું આશ્વાસન જે તે વખતના મુખ્યમંત્રી પૃથ્વીરાજ ચૌહાણે આપ્યુ હતું તે ફળ્યું અને મુંબઈ ક્રાઈમ બ્રાંચે હત્યાના ૧૬માં દિવસે જેડેની હત્યાના આરોપીઓને પકડી લીધા.આ બધા જ રાજનની ગેંગ સાથે સંકળાયેલા હતા. જો કે ક્રાઈમબ્રાંચની તપાસમાં એશિયન એજના ડેપ્યુટી બ્યુરો ચીફ જિજ્ઞા વોરાનું નામ બહાર આવ્યું.જિજ્ઞા પર જેડેની મોટરબાઈક અને તેનું સરનામું છોટા રાજને પુરુ પાડવાનો આરોપ લાગ્યો હતો.આ પહેલા આ પત્રકારે રાજન સાથે ટેલીફોન પર ૩૬ વખત વાત કરી હતી.પત્રકારો માટે આઘાતજનક બાબત હતી કે એક પત્રકારની હત્યા બીજો પત્રકાર કરાવે તે હતું.જો કે આખરે જિજ્ઞા વોરા પુરાવાના અભાવે છુટી ગઈ છે.

પત્રકારો માટે સત્ય ઉજાગર કરવું જરુરી છે. તેમાં નીડર અને પ્રમાણિક પત્રકાર હોવું પણ જરુરી છે.આવા પત્રકારનો ખબર હોતી નથી.જ્યાં સુધી દેશમાં આવા પત્રકારોની ફોજ હશે ત્યાં સુધી ખોટુ કરનારાઓ બીતા રહેશે.

જમ્મુ કાશ્મીરમાં સુજાત બુખારીની હત્યા બાદ અહીયા પત્રકારો માટે જીવનું જોખમ વધી ગયું છે.કાશ્મીરમાં સત્ય ઉજાગર કોણ કરશે ?સામાન્ય નાગરિકોનું જીવન પણ દોજખ જેવું બની ગયું

( સૌ. સંદેશ આધારિત)


**વિનંતી**
**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

**સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત**

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

**ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,**

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં : ૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં : ૯૮૯૮૦૭૨૮૮૧

## માનવીના કાર્યો તેનો સંદેશો પહોંચાડે છે.

આખું જગત સંદેશ આધારિત ચાલે છે. સંદેશના પાયામાં ભાષા રહેલી છે.જો કે ભાષા સિવાય પણ સંદેશ મોકલી શકાય છે.એનુ ક્ષેત્ર સાંકડુ છે.આપણે સામસામે બેઠા હોઈએ તો નિર્દેશ કરીને કોઈ વસ્તુ મંગાવી શકીએ છીએ. પણ ઈશારાઓની મર્યાદા હોય છે.હું ઈશારાથી પાણી મંગાવી શકું છું.પણ મારી ઓફિસમાંથી કંઈ મંગાવવુ હોય તો મારે ભાષાની જરુર પડે છે. સંદેશાની રીતે જોઈએ તો એક માણસને મનમાં કંઈક વિચાર આવ્યો, તે બીજાની આગળ વ્યક્ત કરે, અને એ પ્રમાણે સામેની વ્યક્તિ એ કામ કરે, તેથી એમ કહેવાય કે સંદેશનું માધ્યમ ભાષા છે.જો માનવજાત પાસેથી ભાષા લુપ્ત થઈ જાય તો સઘળો વ્યવહાર અટકી પડે.કોઈ માણસ પોતાની ઓફિસમાંથી બેસીને વહીવટ ચલાવી ન શકે. ખેડુત ખેતી ના કરી શકે.મજુર મેહનતમાંથી બાકાત થઈ જાય.એક ગામથી બીજે, એક પ્રદેશથી બીજા કે વિશ્વના કોઈ ખુણે સંદેશ મોકલવો હોય તો ભાષાની જરૂરીયાત પડે જ.આ વાત થઈ સંદેશ માટે ભાષાની.પણ સંદેશ એટલે શું? એ તો પ્રશ્ન ઉભો જ રહ્યો છે. ધારો કે મારે કોઈ કામ હોય અને તમને બોલાવવા હોય,તો માણસ મોકલુ તે મારો સંદેશ તમને કહી સંભળાવે અને તમે તે પ્રમાણે અમલ કરો.તમે દેશાવર હોવ તો હુ તમને પત્ર દ્વારા સંદેશો પાઠવુ અથવા ફોનથી સમાચાર આપું. હવે તો સંદેશ માટેના સાધનો વ્યવસ્થા એટલાં તો વધી ગયાં છે કે તમે દુનિયાના કોઈપણ ખુણે કોવ તો પણ બીજી મિનિટે સંદેશ પહોચીં જાય. આજે તો દુનિયા ઘણી નાની બની ગઈ છે.અને સંદેશાનો વ્યવહાર સરળ.

સંદેશ એટલે કહેણ, ખબર, સમાચાર એવો અર્થ થાય છે.આજે આપણે ટી.વીની સ્વિચ પાડીએ અને દુનિયાના બધા જ સંદેશ સંકંડમાં મળી જાય. સવારે છાપામાં જગતની નવાજુનીનો સંદેશ આપણને મળી જાય. એ બધા જ સમાચાર છે. પણ ગાંધીજીએ કહ્યુ છે કે ‘મારુ જીવન મારો સંદેશ છે ‘આ બાબત એક નવુંજ દ્વાર ખોલી આપે છે. આપણે દર્પણની સામે ઉભા રહીએ તો આપણે કેવા છીએ એનો સંદેશ તે આપણને આપી દે છે. એ રીતે માણસના કાર્યો એનો સંદેશો પહોચાડે છે.જે ઉપદેશકો કે કથાકારો શબ્દોથી સંદેશ પહોચાડી શકતા નથી તે આચરણથી તરત જ પહોચી જાય છે.દીન દુખીયાની સેવા કરવી,કચડાયેલી પ્રજાને દુનીયાના ચોકમાં ઉભી રાખવા માટે જાગૃત કરવી અને સમાજના દુષણોને દુર કરીને સન્માર્ગ બતાવવા માટે જે ભેખ ધરીને ચાલે છે એને શબ્દોથી સંદેશ આપવાની જરુર નથી.એ તો ખભે ખલીતો કરીને નીકળી પડે છે, તો ધીમે ધીમે પ્રજા એની પાછળ ઘસડાય છે,એ જ એમનો સંદેશ અને એજ એમનુ જીવન છે. આપણે આ વિશ્વમાં આપણી આંખ અને કાન ખુલ્લા રાખીએ તો દરેક વસ્તુમાંથી આપણને જીવનનો સંદેશ મળી રહે છે.કીડીઓનુ નિરિક્ષણ કરો તો એમની પાસેથી કેવો મહાન સંદેશો મળી રહે છે. કીડીઓ પાસેથી મહેનતનો મંત્ર મળે છે.વૃક્ષો પાસેથી પરોપકારનો સંદેશો મળે છે.સાગર પાસેથી ઉંડાણ અને આનંદનો સંદેશ પમાય છે. સુર્ય-ચંદ્ર આપણને સમયનો તકાજો સમજાવે છે.આ ધરતી એ સહનશીલતાનો સંદેશો આપે છે.માર્શલ મેકલુહેને તો ‘માધ્યમ એ જ સંદેશ છે ‘એવી વાત કરી છે.પવન, આપણને શાનો સંદેશો આપે છે.?આ બધાજ માધ્યમ છે.માધ્યમથી જ સંદેશો મેળવી શકાય છે.ટપાલમાં જે સંદેશો આવતો,એના માટે લોકો દિવસોના દિવસો સુધી ઝુર્યા કરતા.

સમયે સમયે સંદેશાના માધ્યમ પણ બદલાતાં રહ્યાં છે.જુના સમયમાં એક રાજા બીજા રાજને પોતાનો સંદેશો કાપડમાં લખીને સૈનિક દ્વારા મોકલતો, ભરી સભામાં તે વાંચવામાં આવે,પછી એનો પ્રત્યુત્તર આપવામાં આવતો.ઘણા કબુતરોને માધ્યમ બનાવીને પોતાના સંદેશાઓની આપ લે કરાવતાં. ટપાલ તો ઘણી મોડી આવી. પણ આજેય ટપાલ દ્વારા સંદેશની આપ-લે થાય છે.ઝડપી સંદેશા તાર દ્વારા મોકલાતા. અત્યારે તો સંદેશના માધ્યમોએ દુનિયાને મુઠ્ઠીમાં કરી લીધી છે.સંદેશા દ્વારા સામેની હકીકત જાણી શકાય છે.સંદેશાથી માણસના મનની દશાનો ખ્યાલ આવે છે.સંદેશો જ સાચી પરિસ્થિતિનો તાગ મેળવવામાં કામ લાગે છે.સવારે સમાચાર પત્ર આપણને આખા વિશ્વની નવાજુનીઓ સંદેશ આપી દે છે. ક્યાં શુ થાય છે અને કેવી પરિસ્થિતિ છે, તે સંદેશા દ્વારા જાણી શકાય છે. ક્યાંક આગ લાગે તો તરત ફાયરબ્રિગેડને સંદેશ પહોચાડાય છે. તેથી તે દોડી આવે છે. આ બધી સંદેશા વ્યવહારની સામાન્ય વાત થઈ.

એ સિવાય પણ સંદેશો આપી શકાય છે. જે ઘણાના જીવનને સીધો સ્પર્શે છે. કોઈ મહાન માણસને પુછવામાં આવે છે કે પ્રજા માટે તમારો સંદેશ શું છે ?અહીં સંદેશનો આખો અર્થ ફરી જાય છે.ધર્માચાર્યો જે સંદેશ આપે છે, એ માણસને જીવનની દિશા સુચવે છે. કોઈને ઉત્તમ પુસ્તક લખ્યુ હોય, એનો સંદેશ કંઈ જુદા જ પ્રકારનો પ્રભાવ પાડતો હોય છે.તો ક્યારેક માણસને આત્માનો અવાજ સંદેશો આપતો હોય છે.જોન વ્હાઈટહેડે કહ્યુ છે ‘બાળકો એક જીવંત સંદેશ છે જે આપણે એવા એક સમયમાં મોકલીએ છીએ કે જે આપણે કદી જોઈ નહીં શકીએ ‘આપણે જાણીએ છીએ કે બાળક તો પ્રભુનો પયગંબર છે.જ્યાં સુધી બાળકો આ ધરતી પર આવતાં રહેશે ત્યાં સુધી સ્વર્ગ અહીં જ છે. કેટલાંક અજ્ઞાત સંદેશ મળતા હોય છે. આ અનંતની પાર પ્રાણવાહક સુના સંદેશ લઈ જવા માટે મહાદેવી વર્માએ કહ્યુ છે આ જગતમાં દરેક જીવ કંઈ ને કંઈ પ્રાપ્ત કરવા માટે કોઈને કોઈ સંદેશ મેળવવા માટે, મથામણ કરતો જ હોય છે. પરમાત્માએ તો આપણને ચોમેરથી સંદેશાનો વરસાદ વરસાવ્યો છે. પણ એને ઝીલનાર કોણ ?ઈટાલીયન અભિનેત્રી એલેનોરા દુસે (૧૮૫૮-૧૯૨૪)કહ્યુ છે ‘જો ભુરા આકાશને જોઈને તમારુ ચિત્ત પ્રસન્ન થઈ જતુ હોય, જો પ્રકૃત્તિ દ્વારા પાઢવવામાં આવતા સરળ સંદેશાઓ તમે સમજી શકો તો તમારો આત્મા હજી જીવિત છે ‘ જે પ્રકૃત્તિને માણી શકતા નથી એ જીવે કે મરે તેથી કોઈ જ ફરક પડતો નથી.પ્રકૃત્તિ સાચા જીવનનો સંદેશ આપે છે.એ સંદેશને પચાવવાની ક્ષમતા આપણે ગુમાવી બેઠા છીએ.

ઈશ્વર આપણી સાથે સતત વાત કરતો રહે છે. સારી કે ખરાબ ઘટનાઓ પણ એનો જ સંદેશ હોય છે. એ સંદેશને આપણે વાંચી શકીએ તો એનું આંતરસત્વ પામી શકાય છે. મેલકમ મગરીજી કહ્યુ છે ‘ દરેક નાની કે મોટી ઘટના એક

અનુ.પાન નં ૪ ઉપર

**કાર ભાડે મળશે**



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઑડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**



**★ નીલા ફાઇનાન્સ ★**

**આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?**

**જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.**

***નીલા સી.ગામડીયા***

**‘નીલીવા કુંજ’ પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨**

## મોદી સરકારના મુખ્ય આર્થિક સલાહકાર અરવિંદ સુબ્રમણ્યમે સરકારને અલવિદા કરી

મોદી સરકારના મુખ્ય આર્થિક સલાહકાર અરવિંદ સુબ્રમણ્યમ વ્યક્તિગત કારણોસર ઓક્ટો.બાદ એ પદ પર નહીં રહે.તેમનો કાર્યકાળ આ વર્ષે ઓક્ટો.માં પુરો થશે.એ બાદ તેઓ અમેરિકા પરત ફરશે.નાણાંમંત્રી અરુણ જેટલીએ પોતાની એક ફેસબુક પોસ્ટ દ્વારા આ જાણકારી આપી છે.

અરુણ જેટલીએ પોતાની ફેસબુક પોસ્ટમાં લખ્યું છે કે કેટલાક દિવસ પહેલાં મુખ્ય આર્થિક સલાહકાર અરવિદ સુબ્રમણ્યમ વીડીયો કોન્ફરન્સીંગના માધ્યમથી મને મળ્યા હતા.તેમણે મને જણાવ્યુ હતું કે તેઓ પારિવારિક જવાબદારીઓના વધતા જતા દબાણને કારણે અમેરિકા પાછા જવા ઇચ્છે છે. તેમનું કારણ વ્યક્તિગત છે.પરંતુ તે અમારા માટે મહત્વનું છે. તેમણે અમારા માટે કોઇ વિકલ્પ છોડ્યા નથી.તેમની સાથે અમો સંમત છીએ.યાદ રહે કે પીટરસન ઇન્સ્ટીટ્યુટ ફોર ઇન્ટરનેશનલ ઇકોનોમિક્સમાં સીનીયર ફેલો સુબ્રમણ્યમને ઓક્ટો.૨૦૧૪માં મુખ્ય આર્થિક સલાહકાર તરીકે નિયુક્ત કરાયા હતા.તેમજ ૧૬ ઓક્ટો.૧૭માં તેમને એક વર્ષનું એક્સટેશન્સ અપાયું હતું.પહેલા એવા સમાચાર હતા કે તેઓ ત્રણ વર્ષનો કાર્યકાળ પુરો કરીને જવા માંગે છે.તેઓ સિનીયર ફેલો તરીકે રજા મેળવીને અહી છે. તેઓ ભારત સરકારમાં મુખ્ય આર્થિક સલાહકારનું પદ છોડીને ફરીથી એકેડેમિકમાં પરત થવાના સમાચાર એટલા માટે કે આ પહેલા નીતિ આયોગના ઉપાધ્યક્ષ પોતાનું પદ છોડી ગયા છે.

## હરિયાણામાં સાંસદો,વિધાનસભાના સભ્યોને મળતી વેળાએ સરકારી બાબુઓને ઉભા થવાનો આદેશ આપતો પરિપત્ર જારી કરાયો

સરકારી બાબુઓ સાંસદો અને ધારાસભ્યોને મળતા ઊભા થઇ જાય તેવું યાદ અપાવતો એક પરિપત્ર હરિયાણા સરકારે બહાર પાડ્યો છે.આને કારણે વિવાદ પણ સર્જાયો છે.બંધારણીય રીતે ચુંટાયેલા આ મહાનુભાવોના કોઇ પણ સંદેશા વ્યવહારનો તેમણે તત્કાળ પ્રતિસાદ પણ આપવાનો રહેશે તેમ આ પરિપત્રમાં ઉમેરાયું છે.

આ પરિપત્ર કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યસરકારને મોકલવામાં આવેલી માત્ર એક ફેરપીટીશન છે.હાલમાં દિલ્હી સરકારઅને આઇએએસ અધિકારીઓ વચ્ચે ચાલી રહેલા ઘર્ષણને જોતા આ પરિપત્રે તમામનું ધ્યાન ખેચ્યુ છે.

હરિયાણાના મુખ્ય સચિવની ઓફિસે જારી કરેલા સરક્યુલર દીપેન્દ્રસિહે જારી કર્યો છે.આ પરિપત્ર ૨૮મી મે નો છે. તેના પર અંડર સેક્રટરી પોલીટિકલ દેવેન્દ્ર કપિલના હસ્તાક્ષર છે.આ સરક્યુલરથી સોશ્યલ મીડીયા પર ટીકાનો મારો ચાલ્યો છે.જેમાં ભાજપ સામે હરિયાણા અને દિલ્હીમાં અધિકારીઓના વર્તન સામે બેવડા ધોરણો રાખવાનો આક્ષેપ કરાયો છે.જો કે હરિયાણા સરક્યુલર એ સાત ફેબ્રુઆરીએ ડીપાર્ટ.ઓફ પર્સોનલ એન્ડ ટ્રેઇનીગ મોકલેલા મેમોરેન્ડમ છે.

## મોદી સરકારે પોતાની નિષ્ફળતાઓની જવાબદારી લેવી પડશે : કોગ્રેસનો વારસો હોવાના બહાના મોદી સરકારે બંધ કરવા પડશે : નીતિ આયોગ

કેન્દ્રમાં સત્તાધારી પક્ષ ભાજપ અને તેના વરિષ્ઠ નેતાઓ શાસનમાં નિષ્ફળતા,નીતિવિષયક પેરાલિસીસ અને અર્થતંત્રની બરબાદી માટે અવારનવાર અગાઉની કોગ્રેસની સરકારોને જવાબદાર ઠેરવતાં રહ્યા છે.

પરંતુ હવે દેશમાં નીતિઓ ઘડતી સર્વોચ્ચ સંસ્થા નીતિ આયોગના ઉપાધ્યક્ષ રાજીવ કુમારે જણાવ્યુ હતું કે કેન્દ્રની મોદી સરકાર હવે તેની નિષ્ફળતાઓ માટે અગાઉના કોગ્રેસના શાસનના બહાના કાઢી શકે તેમ નથી.મોદી સરકારે પોતાની નિષ્ફળતાઓની જવાબદારી લેવી જ પડશે.

રાજીવકુમારે જણાવ્યુ હતું કે ૨૦૧૪માં યુપીએ શાસન તરફથી વારસામાં મળેલી સમસ્યાઓના સંદર્ભમાં મોદી સરકારના છેલ્લા ચાર વર્ષના શાસન પર નજર નાંખવી જરુરી બની છે.હવે અર્થતંત્ર તેની સમસ્યાઓમાંથી બહાર આવી ગયું હોવાથી મોદી સરકારનું મુલ્યાંકન તેની કામગીરીના આધારે જ થવું જોઇએ.ભારતીય અર્થતત્રને યુપીએ દ્વારા વારસામાં મળેલી સમસ્યાઓમાંથી બહાર આવી ગયું છે. તેથી મોદી સરકાર પોતાની નિષ્ફળતાઓ ઢાંકવા આ બહાનાનો ઉપયોગ કરવો જોઇએ નહીં.અત્યારે જે કાંઇ થઇ રહ્યું છે તે માટે મોદી સરકાર જ જવાબદાર છે.

રાજીવકુમારે જણાવ્યુ હતું કે મોદી સરકારે તેને વારસમાં મળેલી સમસ્યાઓ દુર કરવા ઉપરાંત પણ ઘણા કામ કર્યા છે.મોદી સરકાર નોટબંધી,જીએસટી,ઇન્સોલ્વન્સી અને બેન્કરપ્સી કોડ,બેનામી એક્ટ, રેરા, બેન્કોનું પુનઃમુડી રોકાણ જેવા માળખાકીય સુધારા દ્વારા કોગ્રેસ દ્વારા મળેલી સમસ્યાઓમાંથી બહાર આવી ગઇ છે. તેથી હવે સરકારનું મુલ્યાંકન તેની પોતાની કામગીરી પર જ થવું જોઇએ.

રાજીવકુમારનું નિવેદન અત્યંત મહત્વનું છે કારણકે અત્યાર સુધી વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય મંત્રી અરુણ જેટલી સહિતના ભાજપના વરિષ્ઠ નેતાઓ અર્થતંત્રની બદહાલી માટે કોગ્રેસની નીતિઓને જવાબદાર ગણાવી પોતે અર્થતંત્રને ટ્રેક પર લાવી રહ્યાનો દાવો કરી રહ્યા હતા.


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386



**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


## શિવસેનાના સ્થાપના દિને યુવાસેના પ્રમુખની સ્વબળે ચુંટણી લડવા અને સત્તા મેળવવાની ઘોષણા

શિવસેનાના બાવનમાં સ્થાપના દિને યોજાયેલા એક કાર્યક્રમમાં યુવાસેના પ્રમુખ અને શિવસેનાના નેતા આદિત્ય ઠાકરેએ ફરી એક વાર સ્વબળે ચુંટણીઓ લડવાની ઘોષણા કરી હતી.હવેથી સ્વબળે ચુંટણી લડીશું,જીતીશું અને એકહથ્થુ સત્તા ચલાવીશું એવી ઘોષણા આદિત્યએ પાર્ટીના નેતાઓ,પદાધિકારીઓ અને કાર્યકરોની હાજરીમાં કરી હતી.

મુંબઇમાં ગોરેગાંવના ગ્રાઉન્ડમાં શિવસેનાના બાવનમાં સ્થાપના દિવસનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.આ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન આદિત્ય ઠાકરેના હસ્તે કરાયું હતું.અત્યાર સુધી આપણે પોતાની તાકાત ક્યારેય અજમાવીને જોઇ નથી. પરંતુ હવેથી સ્વબળે લડવાનું,જીતવાનું અને એક હથ્થુ સત્તા લાવવાની. એ માટે મહેનત કરવી પડશે.તમારી જેટલી જ મહેનત કરવાની મારી તૈયારી છે. આજથી જ કામે લાગી જાવ,એવું આદિત્ય ઠાકરેએ જણાવ્યુ હતું.

પાલઘર લોકસભાની પેટાચુંટણી વખતે સમગ્ર દેશનું ધ્યાન શિવસેના તરફ હતું.પરંતુ આપણે જોયું કે બાકીના ચીટીંગ કરીને જીત્યા.નૈતિક વિજય આપણો થયો છે એવું આદિત્યે વધુમાં જણાવ્યુ હતું.

આપણે ક્યાં હતા અને ક્યાં પહોચ્યા છીએ તે આપણને ખબર છે.બાવન વર્ષમાં કેવો સંઘર્ષ કરવો પડ્યો છે તેનાથી કોઇ અજાણ નથી. શિવસેના સ્વબળે આગળ આવી છે. શિવસેનાએ દેશભરમાં પહોચાડવાની છે એવું આહ્વાન આદિત્યએ કર્યુ હતું.

## સુપ્રીમ કોર્ટના પુર્વ જસ્ટીસ કાત્જુએ મોદી સરકારે કોર્ટનું રાજકારણ કરી નાંખ્યુ છે તેવો આરોપ મુક્યો

સુપ્રીમ કોર્ટના પુર્વ જસ્ટીસ માર્કન્ડેય કાત્જુએ મોદી સરકાર પર પ્રહાર કરતાં કહ્યુ હતું કે મોદી સરકારે સીબીઆઇ અને અદાલતોને રાજકીય રંગ આપ્યો છે.તેમણે ટ્વિટ કરીને કહ્યુ કે વડાપ્રધાન મોદીએ સીબીઆઇ,સુપ્રીમ કોર્ટ, ચુંટણી પંચ, સરકારી એજન્સીઓ,રાષ્ટ્રપતિ, રાજ્યપાલનું રાજનીતીકરણ કરી નાંખ્યું છે.મારી સહાનુભુતિ તેમની સાથે છે.તેમણે ઉમેર્યુ હતું કે વડાપ્રધાનને આઇએએસ સંગઠનનું રાજનીતીકરણ કરતાં કેટલી વાર લાગવાની છે.કાત્જુ આ પહેલા પણ અનેક વાર વિવાદાસ્પદ ટિપ્પણીઓ કરી ચુક્યા છે.તેમની ઘણી ટિપ્પણીઓ તો વિવાદ પણ પેદા કર્યો હતો.કેરળના ચર્ચિત સોમ્યા ખુન કેસમાં જ્યારે સુપ્રીમ કોર્ટે આરોપી ગોવંદચામીને ફાંસીની સજા રદ કરી હતી ત્યારે કાત્જુએ કોર્ટના આ ફેસલાનો ખુલ્લેઆમ વિરોધ કર્યો હતો. તેમણે ફેસબુક પોસ્ટમાં લખ્યું કે સુપ્રીમ કોર્ટે આરોપીને હત્યાનો દોષિત ન ઠેરવીને ભુલ કરી છે.અને કોર્ટે તેના ચુકાદા પર ફેરવિચારણા કરવી જોઇએ.સુપ્રીમ કોર્ટે કાત્જુની ટિપ્પણીની ગંભીર નોંધ લઇ તેમને અવમાનના નોટીસ પણ જારી કરી હતી.

જો કે જસ્ટીસ કાત્જુનું નિરિક્ષણ અને ટિપ્પણીઓ મહત્વની હોય છે.સત્યને રજુ કરવાની તેમની રીતને વિવાદોમાં ફેરવી દેવાય છે.જેની નોંધ લેવી ઘટે

## રેલવે નિવૃત કર્મીઓને ફરી કામચલાઉ નોકરી આપશે

રેલ્વેમાંથી નિવૃત થયેલા લોકોને માનવ શક્તિની રેલવેમાં અછત હોવાથી ફરીથી કામચલાઉ નોકરી આપશે.સ્ટાફની અછત વર્તાઇ રહી છે અને મોટા પાયે કામો ચાલી રહ્યા છે.આ અછતને નિવારવા માટે રેલવે પોતાના નિવૃત સ્ટાફની મદદ લેવા માટેની યોજના બનાવી રહી છે. રેલવે એવા સ્ટાફને રોજના ૧૨૦૦ રુપિયાનું મહેનતાણુ આપશે. આ લોકોને એક વખતમાં ૬મહિના માટે નોકરી પર રખાશે.

**જાણવા જેવું**

૧૯મી સદીમ ાં સાઇબીરીયામાં ચામાંથી બનાવેલા ચોરસ ટુકડાઓનો ઉપયોગ નાણાં તરીકે કરવામાં આવતો હતો.


**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

# મુળભુત અધિકારોની જેમ ધાર્મિક સ્વતંત્રતા ય મહત્વની છે : નીક્કી હેલી યુએનના અમેરિકી રાજદુત

ભારતની ત્રણ દિવસની મુલાકાતે આવેલા યુએનના અમેરિકન રાજદુત નિક્કી હેલીએ દિલ્હીમાં હુમાયું મકબરાની મુલાકાત લીધી હતી. તેમણે એ સમયે કહ્યુ હતું કે 'આપણે એકબીજાના વિશ્વાસ તરફ કદમ ઉઠાવવા જોઇએ કેમકે મારુ માનવું છે કે ધર્મની આઝાદી પણ એટલીજ જરુરી છે જેટલી અધિકારો અને લોકોની આઝાદી જરુરી છે'નિક્કી હેલીએ કહ્યુ હતું કે તેમની આ મુલાકાતનો હેતુ ભારત અને અમેરિકા વચ્ચેના સબંધો મજબુત કરવાનો છે. ભારત અને અમેરિકા બે સૌથી જુના લોકતંત્ર છે.તેમણે કહ્યુ હતું કે બંને દેશોની કામ કરવાની રીત સમાન છે પછી ભલે આતંકવાદ અંગે હોય કે અન્ય કોઇ કામગીરી હોય.

નીક્કી હેલીએ કહ્યુ હતું કે ભારતની મુલાકાતે આવવાનો આનંદ છે.હુમાયુનો મકબરો એટલો જ સુંદર છે. જેટલું મે વિચાર્યુ હતું. હુમાયુનો મકબરો આપણને એ વાતની યાદ અપાવે છે કે આપણે સંસ્કૃતિને કેટલું મહત્વ આપીએ છીએ.ભારત સંસ્કૃતિના સંરક્ષણને મહત્વ આપે છે.ભારતીય મુળના નિક્કી હેલી ટ્રમ્પ સરકારમાં અમેરિકન રાજદુત છે. અને તેઓ આ પદ સંભાળ્યા પછી પ્રથમવાર ભારતની મુલાકાતે આવ્યા છે. હેલીના પિતા અજિતસિંહ રંધાવા અને માતા રાજકોર રંધાવા અમૃતસરથી અમેરીકા જઇને વસ્યા હતા. હેલીએ છેલ્લે ૨૦૧૧ભારતની મુલાકાત લીધી હતી.ત્યારે તેઓ સાઉથ કેરોલીના ના ગર્વનર હતા.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીને લીધે દેશનું બંધારણ જોખમમાં : શરદ પવાર

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને લીધે દેશનું બંધારણ જોખમમાં મુકાયું છે. એવું રાષ્ટ્રવાદી કોગ્રેસ પાર્ટી(એનસીપી)ના અધ્યક્ષ શરદ પવારે મુંબઇ સ્થિત યશવંતરાવ ચવ્હાણ સેન્ટરમાં આયોજિત 'સંવિધાન વાંચવા, દેશ વાંચવા' કાર્યક્રમમાં જણાવ્યુ હતું. ગુજરાતમાં ગોધરાકાંડ થયો ત્યારે નરેન્દ્ર મોદી મુખ્યમંત્રી હતા.દોષિતો વિરુધ્ધ કાર્યવાહી કરવાને બદલે નિર્દોષ લોકોની હત્યા થઇ હતી. એવો આક્ષેપ પવારે કર્યો હતો.

દરમિયાન ગોળવલકર ગુરુજીએ ડો.બાબાસાહેબ આંબેડકરના બંધારણ વિશે એક પુસ્તકમાં ટીકા કરી હતી. તેમની વિચારશેલી પર ચાલનારો ભાજપ પક્ષ છે. તેથી બંધારણ અંગે ભાજપ ગમે તેટલું સારુ નિવેદન કરે પરંતુ તે સદંતર ખોટું છે.એવી ટીકા પવારે કરી હતી. વડાપ્રધાન ઇન્દીરા ગાંધીએ ગરીબો માટે અનેક કામ કર્યા હતા. પરંતુ જ્યારે તેમણે બંધારણને હાથ લગાડવાનો પ્રયત્ન કર્યો ત્યારે નાગરિકોએ ઇન્દીરા ગાંધી જેવી હસ્તીને પણ પાઠ ભણાવ્યો હતો તેથી પીએમ મોદી ને પણ જનતા પાઠ ભણાવશે.

# દેશ આર્થિક અંધાધુંધીમાં સપડાયો છે : શિવસેના

કેન્દ્ર સરકાર પર નવેસરથી હુમલામાં શિવસેનાએ જણાવ્યુ હતું કે હાલમાં દેશ આર્થિક અંધાધુંધીમાંથી પસાર થઇ રહ્યો છે.નોટબંધીનું નરેન્દ્ર મોદી સરકારનું પગલું સાવ નિષ્ફળ રહ્યુ હતું તેમ કહીને ભાજપના સાથી પક્ષે આક્ષેપ કર્યો છે કે વડાપ્રધાન મોદીના ચાર વર્ષમના શાસનકાળમાં બેન્કોમાં અનેક ગોટાળા થયા છે.તેણે સવાલ કર્યો છે કે બન્કોને લુંટનારા સામે સરકારે ક્યાં પગલાં લીધા છે તે જણાવવામાં આવે.પોતાના મુખપત્ર સામનામાં સેનાએ જણાવ્યુ હતું કે દેશનું અર્થતંત્ર મદી સરકાર હેઠળ નાશ પામ્યું છે.મોદી રુપીયાને અમેરીકી ડોલરની સમકક્ષ લાવીને એમ દર્શાવવા માંગતા હતા કે તેમના પુર્વગામી મનમોહનસિંહ નહી પરંતુ તેઓ ખરા અર્થશાસ્ત્રી છે. જો કે ભારતીય ચલણ તેની સૌથી નીચી સપાટીએ ગગડી ચુક્યુ છે.ઉદ્દવ ઠાકરેની આગેવાની હેઠળની પાર્ટીએ કહ્યુ હતું કે બેન્કો અને નાણાં સંસ્થાઓ ગેરશિસ્ત વર્તનમાં લાગેલી છે અને



બેન્કોને લુંટનારા મોદીના નાક તળેથી દેશ છોડીને ભાગી ગયા છે.

અનુ. પાન નં ૨ નું ચાલુ

ઉદાહરણ કથા છે.જેના દ્વારા ઇશ્વર આપણી સાથે વાત કરે છે.અને જીવને આપણે એ સંદેશને પ્રાપ્ત કરવાનો છે.આપણે ભલે માનતા હોઇએ કે કોઇ અનિષ્ટ ઘટના ઘટી છે,પણ એય એનો સંદેશ હોય છે. એની લીપીને આપણે ઉકેલવાની રહે છે.'આપણે કોઇ ધાર્મક ગ્રંથ વાંચતા હોય, તો આપણને એમાંથી સંદેશો મળતો હોય છે.ડો.સ્યુસે કહ્યુ છે ' ધર્મગુરુઓએ વાત કરી કે આ ધાર્મિક ગ્રંથમાં કેટલો સારો સંદેશો છે !તમે કંઇ પણ કરો,કોઇ ને કોઇ હંમેશાં તમારા ગ્રંથમાના ગર્ભિત અર્થો વધારશે ' આપણે જાણીએ છીએ કે, હોઠ દ્વારા જ આપેલો સંદેશો કાનને સ્પર્શીને જતો રહે છે.પણ હૃદયનો સંદેશ હૃદય સુધી પહોચે છે.બીલ ગોથાર્ડે કહ્યુ છે કે ' મગજમાં તૈયાર થયેલો સંદેશો બીજા મગજ સુધી પહોચે છે.જ્યારે જીવન દ્વારા પ્રસારિત સંદેશ અન્ય જીંદગીને પ્રભાવિત કરે છે. ડૉ.કિશોરસિંહ સોલંકી (સૌ.સંદેશ)


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧

,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૯૮૨૩૮૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨



**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


# ક્રુડ ટ્રેડવોરને પગલે રુપીયો ઘસાઇ ગયો : ૧૯ મહિનાના તળીયે

અમેરિકન કરન્સી ડોલર સામે ભારતીય ચલણમાં સતત ધોવાણ જોવાયું છે. ડોલર સામે રુપીયો તેની ઐતિહાસિક તળિયાથી માત્ર ૨૫ પૈસા દુર છે.જો કે બંધની દષ્ટિએ જોવા જઇએ તો માત્ર ૧૨ પૈસા જ દુર છે.ભારતીય કરન્સી ડોલર સામે ૩૫ પૈસા ઘટીને ૬૮.૬૧ની ૧૯ મહિનાની સૌથી નીચલી સપાટીએ ગબડ્યો હતો.મોદી સરકારે નોટબંધીના લીધેલા પગલાં પછી ૨૪ નવેમ્બર ૨૦૧૬એ ડોલર સામે રુપીયો ઇન્ટ્રા ડેમાં એક તબક્કે ઘટીને ૬૮.૭૩ બંધ રહ્યો હતો. જે ગઇકાલના બંદની સામે માત્ર ૧૨ પૈસા દુર છે.જે રીતે ફોરેક્સ માર્કેટના સુત્રો અંદાજ મુકી રહ્યા છે અને ફોરવર્ડ ટ્રેડ થઇ રહ્યો છે તેને જોતા આગામી દિવસોમાં ડોલર સામે રુપીયો નીચલી સપાટીએ સરકે તેવી શક્યતા છે. મોટા ભાગના એનાલીસ્ટો જુલાઇમાં રુપીયો ૬૯ની સપાટીને ક્રોસ કરી જાય તેવી ધારણા મુકે છે.

ક્રુડની લપસણી ભુમિ અને ટ્રેડ વોરમાં ડોલર સામે રુપીયો ખાસ્સો ઘસાયો છે.જુનના પ્રારંભમાં ડોલર સામે રુપીયો ૬૭.૦૭ સામે ૪૨, ૨૦૧૮ની સૌથી નીચી ૬૮.૬૧ની સપાટીએ બંધ રહ્યો હતો.આમ જુન મહિનામાં જ તેમાં લગભગ રુ.૧.૫૫ નું ધોવાણ થયું હતું.એશીયન માર્કેટમાં ડોલર સામે રુપીયો બીજી સૌથી નબળી કામગીરી દર્શાવતી કરન્સી રહે હોવાનું સુત્રો જણાવી રહ્યા છે.ડોલર સામે રુપીયમાં ૨૦૧૮ના વર્ષમાં લગભગ રુ.૫નું ધોવાણ થયું છે. વર્ષના પ્રારંભમાં અમેરિકન ચલણ સામે રુપીયો ૬૩.૬૮ના સ્તરે હતો.ઇન્ટ્રા ડેમાં ૬૮.૬૮ની સપાટીને ધ્યાનમાં લઇને બરોબર પાંચરુપીયાની નરમાઇ સુચવે છે.

રુપીયામાં આવેલી નરમાઇ પાછળનું કારણ ક્રુડના ભાવની મજબુતાઇ મુકાતી હતી.બ્રેન્ટ ક્રુડ દોઢ મહિનાની ઊંચી ૭૭ ડોલરની નજીક સરક્યુ હતું.જ્યારે અમેરીકા અને ચીનના ટ્રેડ વોરના રેલા ભારત સુધી આવતાં તેની પણ અવળી અસર રુપીયા પર થઇ હતી.ડોલર ઇન્ડેક્સ ૭ મહિનાની ઉંચી સપાટી ૯૫ને ક્રોસ કરી ગયો છે અને જો ડોલર વધુ મજબુત થશે તો એશિયન કરન્સીના ડીવેલ્યુએશનની શક્યતાઓ વધશે એમ ફોરેક્સ માર્કેટ સાથે સંકળાયેલાઓનું કહેવું છે.

ડોલરની સામે રુપીયો ઘસાતો ગયો અને પરિણામે દેશમાં પેટ્રોલ અને ડીઝલના ભાવોમાં વધારો થતો ગયો છે. આના કારણે અન્ય જીવન જરુરીયાતનો ચીજ વસ્તુઓનો ભાવ વધારો પણ આસમાને જવા લાગ્યો છે. શાકભાજીના ભાવો સતત વધતા રહ્યા છે. જો કે ચોમાસુ વેળાસર ચાલુ થયું છે તેથી તેની અસરો પણ બજારમાં વર્તાશે.નવો શાકભાજીનો ફાલ બજારમાં આવશે ત્યારે તેમાં ભાવોમાં વધઘટ જોવા મળશે.

આર્થિક રીતે દેશમાં સંકટના વાદળો ઘેરાયેલા છે.આંકડાઓની માયાજાળ રમીને સરકાર સાચી પરિસ્થિતિને દબાવી રહી છે.મોઘવારીનો દર સામાન્ય અને મધ્યમ વર્ગને અકળાવી રહ્યો છે.આ ઉપરાંતદેશમાં થઇ રહેલા કૌભાંડોને કારણે પરિસ્થિતિ નાજુક બની છે. એનપીએને કારણે કેટલીક સરકારી બેન્કો ભારે નુકશાન કારક બની રહી છે.બેન્કો જ નાદારી નોધાવી દે તો દેશનો સામાન્ય નાગરિક શું કરી શકે છે. સરકાર મુક બનીને તમાશો જોઇ રહી છે. કે તેમનામાં સરખુ કરવાની તાકાત ઓસરી ગઇ છે.

ડોલર સામે રુપીયો ગબડવાથી એક જ દિવસમાં ૪૫૮ શેરો વર્ષની નીચી સપાટીએ ગબડી પડ્યા હતા.જો કે ડોલર સામે રુપીયાની નબળાઇએ માર્કેટમાં મંદીનો પ્રવાહ વહેવા માંડ્યો છે.આમ એકંદરે ઉત્પાદનની સ્થિતિ પણ નિરાશાજનક રહી છે. જીડીપી પર તેની અસરો વર્તાશે અને હવે આર્થિક રીતે દેશનું ચિત્ર નિરાશાજનક દેખાઇ રહ્યું છે.આરબીઆઇએ તેના રીપોર્ટમાં કેટલીક બેન્કો બાબતે નિરાશાજનક ચિત્ર દેખાડ્યું તેનાથી તંત્ર કેટલું વામણુ છે તે સિધ્ધ થયું. સરકાર અચ્છે દિન લાવવાની જે સપના બતાવતી હતી તે હવે પુરા થાય તેવું કંઇ દેખાતું નથી.


**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.